सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૩ |

**<u>રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામઃ રાજકોટ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૦૫/૨૦૨૬.</u>
આંકઃ ૦૭

**<u>અરજદાર/આરોપી.</u>**

**સમીર ઉર્ફે નવાઝ રહીમભાઈ દોઢીયા,**
ઉ.વ.આ. ૧૯ ધંધો-મજુરીકામ
રહે. ખોડીયાર નગર શેરી નંબર ૧, ખુશ્બુ સીલેકશનની બાજુમાં,
હૈદરી મસ્જીદવાળી શેરી, ગોંડલ રોડ, રાજકોટ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ-રાજકોટ.)**

**-// વિરૂધ્ધ //-**

**<u>સામાવાળા.</u>**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી**

**બાબત: <u>બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

---

**અરજદાર તરફે :- વિધ્વાન વકીલશ્રી આર.બી.મકવાણા.**
**સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.**

---

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૫૦૯૪૫/૨૦૨૫, બી.એન.એસ.કલમ–૩૦૮(૨), ૬૧(૨), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮,૧૨ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્ધાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. બનાવની ફરીયાદ મોડી છે. એફ.આઇ.આર.મા હાલના આરોપીનુ નામ નથી. હાલના આરોપી સામે માત્ર ૨૦,૦૦૦/– રૂપિયા લીધેલાનો આક્ષેપ છે. પોકસો એકટ મુજબના કોઇ આક્ષેપ નથી. ત્રણ વર્ષની સજાની પાત્ર ગુનો છે. ચાર્જશીટ થઇ ગયેલ છે. જેનો પોકસો કેસ નં.૨૬/૨૦૨૬ નો પડેલ છે. આરોપી તા.૨૯/૧૨/૨૦૨૫ થી જેલમા છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો

ગુનો છે. આ કામે પૈસાની રીકવરી થયેલ નથી. ભોગબનનાર મુક બધીર છોકરી છે. તેના વાંધાજનક ફોટો પાડીને ટુકડે–ટુકડે રૂા.૭,૭૦,૦૦૦/– આ કામના આરોપીએ પડાવી લીધેલ છે. ભોગબનનારનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ નુ નિવેદન લેવામા આવેલ છે. શારીરીક અડપલા કરવામા આવેલ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. આ કામે ત્રણ વર્ષની સજાને પાત્ર ગુનો છે. ચાર્જશીટ થઇ ગયેલ છે. આરોપી તા.૨૯/૧૨/૨૦૨૫ થી જેલમા છે. પોકસો એકટ મુજબના કોઇ આક્ષેપ હાલના આરોપી સામે નથી. આરોપી રાજકોટનો સ્થાનીક રહેવાસી છે. ટ્રાયલ દરમ્યાન તેની હાજરી મળી આવી શકે તેમ છે. આરોપીને જો જેલમા રાખવામા આવશે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થશે. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. તેવા સંજોગોમાં બંને પક્ષોની દલીલ, સજાની જોગવાઇ, આરોપીનો રોલ તેમજ ઉપરોકત જણાવેલ કારણોસર અને નામ.સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રાનો ચુકાદો ધ્યાને લેતા આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ ઉચીત જણાતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–// **હુકમ** //–

૧. અરજદાર/આરોપીની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **સમીર ઉર્ફે નવાઝ રહીમભાઇ દોઢીયા,** ઉ.વ.આ. ૧૯ ધંધો–મજુરીકામ, રહે. ખોડીયાર નગર શેરી નંબર ૧, ખુશ્બુ સીલેકશનની બાજુમાં, હૈદરી મસ્જીદવાળી શેરી, ગોંડલ રોડ, રાજકોટ નાઓને રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૫૦૯૪૫/૨૦૨૫,

બી.એન.એસ.કલમ–૩૦૮(૨), ૬૧(૨), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮,૧૨ મુજબના ગુનાના કામે **અરજદાર/આરોપીએ** રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત–જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવુ કૃત્ય કરવુ કે કરાવવુ નહી તેમજ ફરીયાદીનો સંપર્ક કરવો નહી.

૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન મુદતે અનિવાર્ય સંજોગો સીવાય અચુક હાજર રહેવુ.

૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં ત્રણ દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૪) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ પુરૂ સરનામુ મોબાઇલ નંબર સાથે લેખિત સોગંદનામા પુરશીસથી સંબંધિત કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવુ અને જો રહેણાંકના સરનામામાં કોઇ ફેરફાર થાય તો તેણે તાત્કાલીક સાત દિવસની અંદર સંબંધિત મેજીસ્ટ્રેટશ્રી તથા તપાસ કરનાર અમલદારને તેની જાણ કરવાની રહેશે.

૫) અરજદાર/આરોપીએ તેમની વિરૂધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

- હુકમની જાણ કરતી યાદી સંબંધિત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી.
- અરજદાર/આરોપીએ સંબંધિત કોર્ટ સમક્ષ જામીન રજુ કરવાના રહેશે.

હુકમ, આજ તારીખઃ ૧૧મી, માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઇ/ચા. સ્પે.જજ(પોકસો કોર્ટ)
અને એડી.સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*